# નર્સિંગ કોલેજ

**શરતો** :-

૧. નીચે મુજબ યુનિવર્સિટીએ નિયત કરેલ લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂંક કરવામાં આવે.

૧. આસી.પ્રોફેસર-૧ ૨. લેકચરર-૨ ૩. પાર્ટટાઈમ લેકચરર-૨

૨. યુનિવર્સિટીએ નિયત કરેલ લાયકાત ધરાવતા આચાર્યની નિમણૂંક કરવામાં આવે.

૩. યુનિવર્સિટીએ નિયત કરેલ લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂંક કરવામાં આવે.

૪. બિનશૈક્ષણિક સ્ટાફમાં નીચે મુજબની નિમણૂંકો કરવામાં આવે.

| | | | |
|---|---|---|---|
| ૧. | સીનીયર કલાર્ક-૧ | ૨. | જુનિયર કલાર્ક-૨ |
| ૩. | પટાવાળા-૪ | ૪. | ચોકીદાર-૧ |
| ૫. | સ્વીપર-૧ | ૬. | લેબો.આસીસ્ટન્ટ-૨ |
| ૭. | લેબ.ટેકનીશયન | ૮. | લેબ.હમાલ |

૫. ગ્રંથાલયમાં મુખ્ય વિષય દીઠ રૂા.૧૦,૦૦૦/- અને ગૌણ વિષય દીઠ રૂપિયા ૫,૦૦૦/- ના પુસ્તકોનો અનાવર્તક ખર્ચ કરવામાં આવે.

૬. પુસ્તકો-સામયિકો અને દ્રશ્ય-શ્રાવ્ય સાધનો માટે પ્રતિ વર્ષે રૂા.૪,૦૦૦/- નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે.

૭. પ્રયોગશાળા સાધનો, ફર્નિચર, રસાયણો વગેરે માટે રૂા. ૧,૩૫,૦૦૦/- નો ખર્ચ કરવામાં આવે.

૮. નર્સીંગ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા નિયમ મુજબ નીચે મુજબની પ્રયોગશાળા ઉપરાંત બેલેન્સ રૂમ, એસેપ્ટીક રૂમ અથવા કેબીનેટ રૂમ, પાણી હાઉસ મશીન રૂમ વિગેરેની સગવડ કરવામાં આવે.

વધુમાં પ્રાયોગિક કાર્ય માટે વિદ્યાર્થી દીઠ ૮ (આઠ) ચો.ફૂટ પ્રમાણે પરંતુ ૫૦૦ ચો.ફૂટથી ઓછી ન હોય તેવી જગ્યા માટે જોગવાઈ કરવામાં આવે.

વધુમાં લેબ. સુઘડ અને સ્વચ્છ રહે તે પ્રમાણેનું બાંધકામ તથા અંદરના પાણી અને ગેસના ફીટીંગ, અભરાઈઓ તથા ગેસ/ધુમાડાના કબાટ જયાં જરૂરી જણાય ત્યાં લગાવવાના રહેશે.

૯. નીચેની પ્રયોગશાળાઓ માટે જરૂરી સાધનોની વ્યવસ્થા કરવામાં આવે.

૧. ડીસ્ટ્રીકટ વોટર સ્ટીલ્સ-૨ નંગ

૨. વેકયુમ પંપ-૧ નંગ

૩. રેફ્રિજરેટર -૧ નંગ

૪. મ્યુઝીયમ માટે ફીટીંગના સાધનો

દ્રશ્ય-શ્રાવ્ય સાધનો :-

૧. ઓવર હેડ પ્રોજેકટર -૨ નંગ

૨. સ્લાઈડ કમ ફીલ્મ સ્ટ્રીપ પ્રોજેકટર-૧ નંગ

૧૦. કોલેજના મકાનમાં નીચે મુજબની ભૌતિક સુવિધાઓ કરવામાં આવે.

૧. વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે ક્ષેત્રફળવાળા જરૂરી અભ્યાસ ખંડો

૨. આચાર્યશ્રી માટેનો (ટોઈલેટની સગવડ સાથેનો) અલગ ખંડ

૩. ઓફિસ માટે જરૂરી ફર્નિચર અને અન્ય સુવિધાઓ સહિતનો ખંડ
૪. શિક્ષાકો માટેનો (ટોઈલેટની સગવડ સાથેનો) ખંડ
૫. વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક સ્ટાફ એકીસાથે બેસીને વાંચી શકે તેવો વાંચનખંડ સહિતનો પુસ્તકો તથા પ્રવર્તમાન ફાર્માસ્યુટીકલ જર્નલ સાથેનો ખંડ.
૬. વિદ્યાર્થિનીઓ માટે (ટોઈલેટની સગવડ સાથેનો) ખંડ
૭. પીવાના પાણી માટેનો ખંડ.
૮. શૌચાલય વગેરેની પર્યાપ્ત સુવિધા
૯. ટયુટોરીયલ માટેનો જરૂરી ખંડ
૧૦. વિદ્યાર્થીઓ માટે (ટોઈલેટની સગવડ સાથેનો) ખંડ
૧૧. કોલેજના આચાર્યશ્રી માટે કોલેજની નજીક યુનિવર્સિટીના ધારાધોરણ અનુસારની સુવિધાઓ સહીતના ભાડામુકત નિવાસસ્થાનની વ્યવસ્થા કરવામાં આવે.
૧૨. ઓછામા ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે.
૧૩. છાત્રાલયના ગૃહપતિ માટે છાત્રાલયના વિસ્તારમાં ભાડામુકત નિવાસસ્થાનની વ્યવસ્થા કરવામાં આવે.
૧૪. ૧૦,૦૦૦ના ચો.મીટરના ક્ષેત્રફળવાળા રમત-ગમત મેદાનની વ્યવસ્થા કરવામાં આવે.
૧૫. કોલેજના આચાર્યશ્રીઓને મંડળની સંચાલક સમિતિ પર હોદ્દાગત સભ્ય બનાવવામાં આવે.
૧૬. યુનિવર્સિટીના ધારાધોરણ અને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો પ્રમાણે દરેક શિક્ષક અને બિનશિક્ષક કર્મચારીઓને સમયસર પગાર અને અન્ય ભથ્થા બેંક મારફતે ચૂકવવામાં આવે.
૧૭. રૂા.૫,૦૦,૦૦૦(પાંચ લાખ) ની રકમ રોકડમાં અને તેટલીજ રકમની અસ્કયામતોનો આધાર રજૂ કરવામાં આવે અને સદરહું અસ્કયામતો ઋણમુકત છે, તે મતલબનું ચેરીટી કમિશ્નરશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવે.
૧૮. સંસ્થામાં કોમ્પ્યુટર, પ્રિન્ટર, ફેકસ તથા મોડેમની જોગવાઈ અવશ્ય કરવામાં આવે.
૧૯. નર્સીંગ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની મંજૂરી મેળવવામાં આવે.
૨૦. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ સ્ટાફની ભરતી કરવા માટે સરકારશ્રીની જે કંઈ મંજૂરી લેવાની આવશ્યકતા હોય તે મેળવવાની જવાબદારી કોલેજ/સંચાલક મંડળની રહેશે.
૨૧. સરકારશ્રીના ધારાધોરણ મુજબ અનામત અને રોસ્ટર પધ્ધતિના નિયમોનું પાલન કરવાનું રહેશે.
૨૨. યુનિવર્સિટી સૂચવે તે રીતે પેન્શન, પ્રો.ફંડ તથા ગ્રેજયુઈટી માટે જોગવાઈ કરવાની રહેશે.
૨૩. કર્મચારીઓની નિમણૂંક રાજય સરકારની અનામત અને રોસ્ટર નીતિ સાથે સુસંગત રાખવાની રહેશે.
૨૪. શિક્ષક અને બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે પેન્શન, ગ્રેજયુઈટી ફંડ ઉભુ કરવામાં આવે.
૨૫. વિદ્યાર્થી પ્રવેશ માટે યુનિ. અને રાજય સરકારશ્રી એન.આઈ.સી.ના ધોરણો અનુસરવાના રહેશે.

**નવી કોલેજના જોડાણ માટે રાજય સરકારની માર્ગદર્શિકા પ્રમાણેની વધારાની શરતો :**

૨૬. ડીપોઝીટ અંગેની શરત :

(૧) રાજય સરકારના ઠરાવ પ્રમાણે :-

૧. પોતાનું સ્વતંત્ર મકાન ન ધરાવનાર કોલેજે પાંચ વર્ષમાં પોતાનું મકાન બનાવી દેવાનું રહેશ. આ માટે સંચાલક મંડળે યુનિવર્સિટીમાં રૂપિયા બાર લાખની ડિપોઝીટ યુનિવર્સિટીના કુલસચિવ અને સંસ્થાના સંયુકત નામે છ વર્ષ માટે રાષ્ટ્રીયકૃત બેંકમાં મૂકવાની રહેશે. મકાન બનાવનાર સંસ્થાએ પાંચ વર્ષ બાદ નિયમાનુસાર દંડ યુનિ. ને ભરવાનો રહેશે.

૨. કોલેજના કર્મચારીઓના પગાર-ભથ્થા માટે અનામત ફંડ તરીકે યુનિવર્સિટીના કુલસચિવ અને સંસ્થાના સંયુકત નામે રૂપિયા બે લાખ ડિપોઝીટ તરીકે છ વર્ષ માટે રાષ્ટ્રીયકૃત બેંકમા મૂકવાના રહેશે. જે યુનિ.ની પરવાનગી વિના ઉપાડી શકાશે નહી તથા પાકતી મુદતે વ્યાજ સહીત તે રીન્યુ કરવાની રહેશે.

૨૭. ઉપર્યુકત ડીપોઝીટ પૈકી જે તે હેતુ કે શરતનું સંસ્થા દ્વારા નિયત સમય-મર્યાદામાં પરીપાલન કરવામાં નહિ આવે તો જે તે હેતુસરની ડિપોઝીટ યુનિવર્સિટી દ્વારા જપ્ત કરવામાં આવશે.

૨૮. જે તે અભ્યાસક્રમ માટેનું રાજય સરકારશ્રીનું ‘‘ના વાંધા પ્રમાણપત્ર’’ કે ‘‘સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી’’ મેળવવાની જવાબદારી સંચાલક મંડળની રહેશે.

૨૯. રાજય સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વમંજરી વિના સંસ્થા વિદ્યાર્થી પ્રવેશ આપી શકશે નહી અને છતાં આપવામાં આવશે તો તે ગેરકાયદેસર પ્રવેશ ગણાશે અને તે માટેની સઘળી જવાબદારી સંસ્થાની રહેશે.

૩૦. નવી કોલેજના જોડાણ માટે રાજય સરકારશ્રીના તા.૨૧-૧૨-૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક : યજન/૧૦૨૦૦૧/(૨૮)/ખ-૧ માં નમૂના-ક પ્રમાણેનું રૂા.૫૦-૦૦ ના સ્ટેમ્પ પેપર પર ડીડ ઓફ ડેકલેરશન યાને એકરારનામું ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ સમક્ષ અથવા નોટરી સમક્ષ કરી મૂકવામાં આવેલ વિવિધ ફિકસ્ડ ડિપોઝીટની રસીદોની નકલ સહીત રજૂ કરવાની રહેશે.

૩૧. યુનિવર્સિટીના વખતોવખતના નિયમો તથા સૂચનાઓનું સંસ્થાએ/કોલેજે ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને યુનિવર્સિટીના આવા વખતોવખતના નિયમો સંસ્થા/કોલેજને બંધનકર્તા રહેશે.

૩૨. મંડળ/ટ્રસ્ટે શરૂ કરવા ધારેલ વિદ્યાશાખા દીઠ રૂપિયા ૬,૦૦,૦૦૦/- (છ લાખ પુરા) ની છ વર્ષ માટે યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને મંડળના સંયુકત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં મૂકવાની રહેશે. જે પાકતી મુદતે વ્યાજસહીત રીન્યુ કરાવવાની રહેશે.

૩૩. સંસ્થાએ પોતાની આર્થિક સધ્ધરતા માટે રૂા.૨૫,૦૦,૦૦૦/- (પચ્ચીસ લાખ પુરા) ની રકમ રોકડમાં, બેંક બેલેન્સ કે ડિપોઝીટ રૂપે તથા રૂા.૨૫,૦૦,૦૦૦/- (પચ્ચીસ લાખ પુરા) ની સ્થાયી અસ્કયામતો ટ્રસ્ટ/મંડળના નામે હોવાના આધારો યુનિવર્સિટીને રજૂ કરવામાં આવે.

૩૪. ડિપોઝીટની શરત અન્વયેની મિલ્કતો ઋણમુકત હોવા બાબતનું માન.ચેરીટી કમિશ્નરશ્રીનું પ્રમાણપત્ર યુનિવર્સિટીમાં રજૂ કરવું.

૩૫. કોલેજ શરૂ કરતા પહેલાં મંડળ પાસે રૂા.૫,૦૦,૦૦૦ (પાંચ લાખ પુરા) નું વર્કીંગ ફંડ હોવાના આધારો યુનિવર્સિટીમાં રજૂ કરવાના રહેશે.

૩૬. ખાસ (કાયદાકીય) ફી તરીકે યુનિવર્સિટીના આકસ્મિક ભંડોળમાં પ્રતિ વર્ષ રૂા.૨૦૦૦/- (બે હજાર) લેખેની બાકી રકમ યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવે.

૩૭. કોલેજના તમામ સ્ટાફના પગાર બીલના ૨૦% રકમ સ્ટાફના નિવૃત્તિના લાભો માટે યુનિવર્સિટી સૂચવે તે નિધિમાં નિયમિતપણે જમા કરાવવામાં આવે.

૩૮. કોલેજમાં કોમ્પ્યુટર/પ્રિન્ટર/ફેકસ/મોડેમ વસાવવામાં આવે.

૩૯. કોલેજના તમામ સ્ટાફને નિયમિતપણે અને બેંક મારફત જ પગારો ચૂકવવામાં આવે.

૪૦. કોલેજમાં ઈમેઈલ /ઈન્ટરનેટની સગવડો ઉપલબ્ધ કરાવવામાં આવે.

૪૧. કોલેજમાં વિધાર્થી પ્રવેશ માટે યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીની અનામત નીતિને અનુસરવાની રહેશે.

૪૨. વર્ષ દરમ્યાન કોલેજમાં ખાલી રહેલ શૈક્ષણિક વર્ગની જગ્યાઓના તેટલા સમયના પગારની બચાવેલ રકમના ૧૨૫% રકમ યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવે.

૪૩. યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીના ધારા-ધોરણથી વધુ ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉધરાવી શકાશે નહિ.

૪૪. કોલેજના વિદ્યાર્થીઓ પાસેથી દર વર્ષે લેવામાં આવતી ટયુશન ફીમાંથી યુનિવર્સિટીના તા. ૨૯-૫-૦૩ ના પરિપત્ર નં.૧૦૯/૨૦૦૩ અન્વયેની નિયમાનુસારની વિધાર્થી દીઠ, પ્રતિ વર્ષ પ્રમાણેની રકમ યુનિવર્સિટીમાં ''વિકાસ ફંડ'' ખાતે જમા કરાવવામાં આવે. આ માટે વિદ્યાર્થીઓ પાસેથી અલગથી કોઈ વધારાની રકમ ઉધરાવી શકાશે નહિ.

૪૫. કોલેજમાં વિદ્યાશાખા અને જોડાણના વિષયોને અનુરૂપ જરૂરી દ્રશ્ય - શ્રાવ્ય સાધનો પુરતા પ્રમાણમાં વસાવવમાં આવે.

૪૬. રાજય સરકાર અને યુનિવર્સિટીના વખતો વખતના પ્રવર્તમાન નિયમો અને શરતો સંસ્થાને બંધનકર્તા રહેશે.

૪૭. યુનિવર્સિટીના નિયમ મુજબ પાંચ એકર જમીનની પૂર્તતા કરવામાં આવે.

૪૮. આઈ.એન.સી., જી.એન.સી. અને યુનિવર્સિટીના નિયમ મુજબ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફની ભરતી કરવામાં આવે.

૪૯. સંસ્થા દ્વારા વધારાના બી.એસસી. નર્સિંગ કોર્સ, જી.એન.એન., એ.એન.એમ. ચલાવવામાં આવતા હોઈ, આઈ.એન.સી.ના નિયમ મુજબ વર્ગખંડો, પુસ્તકાલય અને પ્રયોગશાળાની સગવડ કરવામાં આવે.

૫૦. આઈ.એન.સી.ના નિયમ મુજબ પુસ્તકો અને સમાયિકો વસાવવામાં આવે.